॥ શ્રી પરમાત્માય નમઃ ॥

મેના-સુંદરી.

(નવા નવા મધુર ગાયનો.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મંગળદાસ જોઈતારામ બુકસેલર

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં પીરમશાનઃ રોજા સામે
શ્રી ચીમનલાલ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૬૨—સને ૧૯૦૬.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

કિંમત રૂ ૦-૪-૦

શ્રી

મેના-સુંદરી.

મંગળાચરણ.

સુમતિને સુગતિના દાતા કૃપાનાથ;
પામર આ પ્રાણી તણો તારો ગ્રહિને હાથ—
જગતપતિ, કૃતિ અતિ છતિ દીસે, નીતિ ન્યાયે.
રીતિ રાહે પાળો વિશ્વ વિશ્વપતિ દીન હીન
જન સાથ—સુમતિ૦
ક્ષેત્રપતિ છાવૃમ ક્ષેત્રના, કૃપાવારી,
ધારા તણી જગ ઘણી આશા, લીલો.
હરિઆળો પાકે પુણ્ય પાક આપ સ્હાયે.
આડા રહ્યા ઉભા થઇ પાકે કર્મ છોડ.
સાથ—સુમતિ૦

૧ હરીશ્ચંદ્ર

હુ વેચું પુત્રને પ્યારી, આચાર સત્યને કાજ (ટેક)
પુરજન સૌ ગ્રાહક બનીને, આવો આજ ઠાર;
ખંત ધરી આ દુષ્ટ વણીકનો, ખરિદ કરો માલ સાર-હું૦
વિશ્વામિત્રના રણથી મુક્ત, થાવા કીધું આ કામ
પુત્ર અને પ્યારી મારીને વેચું ધરીને હામ; હું૦

૨ ચાંપરાજ

સરકાર રજા દીજીએ, જામીનગાર હું
મુદ્દત પે નાવે તો મૈં ગુનેગાર હું— સર૦
ઇસકે બદલ શીર મેરા, દેને તૈયાર હું
યે બાતપે નીગા કીજે; મેં અરજદાર હું સર૦
જાનો પહાડસીંહ યહ, હાડાકા હે જાન
સુંદિજાનકુ દિલ્લેશ, કરેગે ફરમાન સર૦

૩ ત્રીયારાજ

મિત્ર આવીઓ ભલે આ પરજ તારૂં છે,
દોસ્ત તારૂ ઘર મુંને પ્રાણ પ્યારૂ રે— મિત્ર૦
મિત્ર આપણું ન જાણુ કાંઇ ન્યારૂ છે,
એવું જાણુંતો આવું, પણ આ મારૂં છે. મિત્ર૦
માજીએ મુકયો છે મુજને જા તું કોઈ સ્થાન,
દુશ્મનોથી રહયો છુપો, એ એણે ધાર્યું છે. મિત્ર૦
તારા દુશ્મનનો તે મિત્ર, મહારાજ જાણ;
કે કયે મેં મિત્રતામાં તારૂં દુઃખ નિવાય છે. મિત્ર૦
સહેજ મિત્રતામાં દોસ્ત બહુ આભાર તુંજ;
મિત્ર વહાલા તો ઘણું તેં વધાસુ છે.- મિત્ર૦

૪ હુંસ કુમારી.

દીલખુશ પ્યારી રાજકુંમારી કેમ રડે અહીં એકલી છે,
મુખ શોભાએ શશી સરમાએ નવરાંતે વીધીએ ઘડી છે;
દાસકે દાસી પાશ નશી કે કોણ થકી અહીં છળી ભરી છે,
સ્વસ્થ થઈને પુછું હું જઇને મુજ મન મોહક એ પરી છે.

૫

કયાંથી આ સંભળાય મધુર સુર કયાંથી આ સંભળાય;
દીશે નહી કોય ત્યાંય મધુર સુર કયાંથી આ સંભળાય
નવીન પક્ષીકો આવ્યું જણાયે, આ ઉપવનની માંહે-મ૦
સખી સહુ જાઓ તેને લઈઆવો તો સુખ મુજને થાય-મ૦
તન મન ધન સહુ અર્પણ કરીને, રાખીશ મહેલની માંય-મ૦

૬ ભરથરી.

ધીક યુવા ધીક મુજને, ધીક કામ વીકારજી
જેણેરે ભુલાવી મને સત્યથા, કર્યા નીચ વિચાર
ભેખરે ઉતારો રાજા ભરથરી
ક્ષમા કરોને રાજા રંકછું, નારી અજ્ઞાની જાતજી,
અન્ય વખત આવું નહીં કરૂં લાજ્યા માતને તાતજી
ભેખ૦
કપટ રૂપીરે રાણી પીંગળા, એ શું બોલે વચનજી;
રાજરે તજ્યું તુજ કારણે, જો વીચારીને મનજી;
ભિક્ષા દેને મૈયા પીંગળા.

તુરે ખોટીરે ખોટું રાજ છે ખોટો સારો સંસારજી
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉધારજી.
ભીક્ષા૦

રહોને રાજા રસોઇ કરૂં જમતા જાઓ સ્વામીનાથજી
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી
લેખ૦

મંદીરે કરાવું રંગ મહેલમાં, રાખું શુભ અવાસજો;
જેમરે જાણે નહીં જગતમાં સાધો જોગ રહી પાસજી
લેખ ૦

મહેલ તારાને રાણી શું કરૂં, કેયો શુભ અવાસજી
ક્ષીરરે ભોજન તારૂં રાણી શુ કરૂ નહિ ભોગની આશજી.
ભીક્ષા૦

વાસી જંગલના જોગી અમે નહી ગામમાં વાસજી,
વિષય વેલથી અળગો રહું, નહીં નારીના પાસજી;
૭ ભરથરી ભીક્ષા૦

પિતાજી આ કોપ તમે શો કર્યો,
જોગી વેશ બાપુ શીદને ધર્યો;
મરી ગઇ છે માત વળી જાઓ તાત,
પીતા એથ કોની છે ઓરમાન માત;
દયા લાવો કાંઈ છોરૂ ઉપરે,
કૃપા પાત્ર હુંછું તમારી ખરે;
લડાવશે લાડ મુને પછી કોણ;
પ્યારી પુત્રી આવો બા કહેશેજ કોણ;
કુંવારી હુંછું તમારિ સુતા,
વરાવી નથી કીધાં ભગવાં પીતા;
ન બાપી કરી બાપુ જાશો નહીં
પીતા પાછળ હુંતો જીવીશજ નહીં;
૮ ઉમાદેવડી

ગાજે ગગન ઘરરર ગગન ઘરરરર,
ઝબકે વીજળીઓ ઝરરર;
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર,
વિયોગીના ચીત ચરરર;

બીની બાળા હોય અરરરર,
સ્વામી સોડે પેસે સરરરર. ગાજે૦
હરીયાળી ભુમી ભલી હરીયાળાં વળી વન
હરીઆળું સંજોગમાં
અરે વિરહે ઉઠે અંગમાંરે સજની
મદન પીડા કયાં કહીએ;
બાળી રહીયેરે મનમાં મુઝાઇ સજની
નદીઓ ખરરર નાસતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે ચટપટ લાગેરે,
આવે સમે ભોગી ભેટવારે
માતાજી મહેર જો કરે કુમારી કોડે કરગરી.
મચ્યો મદન મહાવીર મદન મહાવીર
થઇ માતાજી અમે ધરરરર થઇ થરરરર અરે અરરરર

૯ ગાજે૦ વીણવેલી

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ.
તારો ત્યાં લગી જાણજે જ્યાં લગી શ્વાસોશ્વાસ,
સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ,
રાખે જેવી રીત રામા રંગે તેવી રીતે કરીએ સદા.
પીપળ પાન ખરંતી હસતી કુંપળીઆં
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપડીઆં,
નહીં જેવીને તેવી નિત, કોઇની નભતી જોઇએ.
દશાના ઢંગ રૂતુના રંગ જેવા દેખી લઇએ. સદા.
કદી મહેલાં તો માળીઆં કોમળ છતર ખાટ;
કોઇ દીન એવો આવશે ભુખ્યા ન મળે ભાત સદા.

૧૦

ખંતેથી નમી તુંને અંતે વીનવીએ,
દયાવાન[ૐ] સહાય (૩) ખંતેથી૦
દયાહીણ થયો ક્રૂર ખેચી લાવ્યો આંહી દૂર;
ઉપરથી મગરૂર પ્રાણ લેશે એજરૂર;
તજું આ તોફાની પૂર આવીએ તારી હજૂર.

૧૧ રાજબીજ.

ગણું જુદાઈ પ્રાણ બની સીદ અણજાણ.

મલી આનંદ લ્હાણુ ચાલ ચમન ઉડાવ,
તુંછે છબીલી નાર, હું રંગીલો ભરથાર,
બન્યું જોડું નીરધાર મણી કુંદન જડાવ.
ઢાંક માથાની વેણ, કાળ નાગ તણી ફેણ;
પ્યારી અણીઆલી નેણ, જરા ધીરે નચાવ;
લાગ્યો કલેજે કારી ઘાવ, દુઃખ દેણ ભારી,
જરાથી દયાલુ પ્યારી, મને મરતો બચાવ.
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુઃખ.
ગયા ચોરી મારૂ સુખ, પ્રિય પાછું અપાવ.
હું તુ દાસ નીરાધાર, તું છે મારો સરદાર.
આવ ધસી ધરી પ્યાર, પ્રાણ ગલે લગાવ.

૧૨ અરૂમતી

જપાતે પ્રીતમની જપમાળ જુવતી જો અલબેલી
જોબન રસ રંગે જોની આ બની ઘેલી
વ્યાકુલ સુજના લિલે વ્હાલિ વેલી—જપતી,
તન મનમાં વ્યાપી રહ્યા જોબન વસંત જંગ.
રસ ભોગી રસીઆ રમશુ કયાં રસ રંગ.
જાણ્યું ન જડીઆ, રસીઆ રંગીલો,
ચાપચપ કરતા લેતીજા તું ચલેલી—વ્યાકુલ,
પેટ દુખે શીર કુટતાં સંકટ બાન સમાય
બળતાને બાળી સખી હૈડે શું હરખાય,
આહા અકલાએ સાને છેલ છબીલી—વ્યાકુલ.

૧૩ ઉમાદેવડી.

જા જારે શું રીસાય રસીલી નજર મીલાવીલે (૨)
ચટપટી ચીતમાં લાગી ચતુરા ચેહેરો જોવાદે,
હીરા મોતી માગ્ય મહુરી, ઝાંઝર ઝુમણા લે
મદન અગન તનમાં લાગેલી તુરત બુઝાવીદે,
સમતા નથી રહેતી રે સલુણી મરમ વચન મુકીદે
કલ્પલતા છબીલી તુજ છાગે, પામર પંખિ લે.

૧૪ વીણારેટી.

ઉગ્યો સખી! સુખિનો શૃંગાર હાર,
આકય સારય જોવાને ચંદ્રમાં.

જોને પ્રેમઘેલી ભુમી નાર દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં--ઓહો૦
ધન્ય ધરા સુંદરી! તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત.
શાન્તિ પાઠ પઢાવતો સાધીને એકાંત.
ધરણી પડી પતીને પાય, શિક્ષા શિરે ધરેરે
ગુણીયલ ગોરી પતી ગુણ ગાય, શાન્તિ ચીતે સ્મરેરે
ધરોને બહેન! ધરતી માતાનું કહ્યું કાન,
પ્રિતેથી કરો સંસાર સુધારસ પાન--વરણી૦
ચંદ્ર સુખે ચીડાઇને, તારાના મુખ સ્યામ,
સદગુણીનું સુખ ભાલીને, રમે દુષ્ટના રામ.
સખી! જેને પતિનું માન—તેના ગાંધર્વ ગાએ ગાન.
પામે દેવી સમાન સનમાન રમે રામા રસીક લઈ તાન
ધરણી નાર સમ ગૃહિણીઓ, સેવે સ્વામી પાય,
ચતુર ચંદ્રસમ ધણી મલે, જય જય ત્યાં ઉચરાય.

૧૫ કામસેન રસિકા

દા ઉઠીછે દુઃખની દીલમાં, શી રીતે ઠંડી થશે.
આશ લાગી છે જેમાં મુજને, શી રીતે પુરી થશે-દા૦
નજરે દીઠી મેં જે નારી, પરણુના જોએ સાથે મારી
તો તો જીંદગી આ આકારી, કેમ કરીને પુરી થશે-દા૦
મેં તલવાર કે સ્ત્રીને મારી, તેવી જોને આ નેન કટારીરે
કમલાક્ષીનાં નયનાં કારી, તો ઘા કેમ કરી રૂઝશે-દા૦

૧૬ કરણઘેલો.

આંખલડી અણીઆળીરે, જરા નચાવ નખરાંવાલી
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
ભમર કમાન જરા ખેંચી ખુણેથી, ક્રોધ કટાક્ષ કર આલીરે
જરા નચાવ નખરા વાલી,
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળિરે
જરા નચાવ નખરાવાલી,
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.
લ્યો લટકો મટકો ચટકો આ, આલી સતાવો શું ઠાલીરે
જુઓ નાચે આ નખરાવાળી
જે નખરેરે તારા વાલમજીરે વશ કીધા.

૧૭ ગુમાન તારાવ

કોઇનું કર્યું કંઇ થાય નહી સઉ કર્મ છે કરનાર--કોઇ૦
કર્મ સઉ કરનાર ન કોઇથી-કર્મ કદી ફરનાર--કોઇ૦
કર્મ કાગળ પુર્વ જન્મનાં દેધિ જમે થનાર
દીધા તેવા લેવા પાછા-એજ કર્મ વહેવાર--કોઇ૦
જમે કરાવ્યા હશે કાંકરા-મણી નથી મળનાર
જમે મણી તો વિશ્વ ધણીથી-ટાળ્યા નથી ટળનાર—કોઇ૦

૧૮ કામઝાતા

દીલ મારૂ માને નહી મનડુ ઠરે નહી ત્યારે કરૂ શું તાતજી ?
મેં જોયું ફરી ફરી જોડી મળે નહી, કોને વદુ હું તાતજી ?
નેણે પ્રીત ઝળકીરતી અહી આવતીજ શરમાઈ ગઇ
ઉર્મી અંતર ઉછળી હતી નૃપ દેખતાંજ દબાઈ ગઈ
હીરલો અમુલ્ય ખરિદવા ઉમંગ ભર આવી અહી
પણ અંતર અંકુળ ન ફુટયા પ્રીતી પ્રગટાવી નહી
છતિ આંખે દીવો લઇને પડી કુવામાં શું ડુબી મરૂં
તાતજી—દીલ૦

૧૯ વીક્રમ ચરિત્ર

ાને સહાય કરસે મોરારીરે, વારે ચઢશે ગોવરધન ધારી
અહલ્યા ઉગારી મારાં બાઇ તારી, એની ચીન્તા કરીશ નહિ
મારી—મને૦

મંજારી બચ્ચાંને બળતા ઉગારી મોક્ષ દીધો ગજેન્દ્રને તારી;
દ્રૌપતીના ચીરપુર્યા થાશે તે સહાયકારી—મને૦

૨૦ ત્રીવિક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીરે, શોભે રજની સુંદરશી આજ.
હેતે રમિએ સંગાથે સૈયર આપણેરે.
સૈયર કંકણો સોનાના કરે ધર્યારે,
માંહે જડીયાં છે નીલમ મણી નંગ-હેતે૦
મળીઆં આજે આપણે, ધરી શોલ શણગાર.
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્નથી જડીત ઉરહાર છેરે,મોતી ગુચ્છલ લળકે બાજુબંધ-હે
અંબોડા ફુલે જડયા, સરસેંથે હીંગુળ
કીધા કુમ કુમ ચાંદલા, મુકતા માલા ઉર

આરસ પારસ મણી જડેલો ચોકછેરે, તેમાં વસતાં હૈયે
નણદલવીર-હેતે૦
પેર્યા ઝાંઝર પ્રીતથી, ઝણઝણ કરે ઝણકાર,
ફરીએ સૈયર ફુદડી, આ રજની મોઝાર;
સખી વેલીઓ ફુલી વિધ વિધ ભાતનીરે, તેતો આપે છે શી
સુંદર સુગંધ હેતે-પુનમ૦

૨૧ પવીત્રલીલાવતી

ભાઇ પટારો કેમ ઉઘાડયો, જોઈ કુચી એસારી કેઇ.
સાહેબ બાપા બહાર ગયા છે, શું ગુંઝામાં ઘાલ્યું લેઇ
બધું ઘરેણું કયાં લઈ ચાલ્યા આમ કરી તસ્કરનું કામ
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ
ચબાવલા તું ચઢી ગયો છે પરની તારે શી પંચાત.
બસ બસ તારે નહી બોલવું હમણા ગાઇલ પડશે લાત
નીચ જાત નોકરની તારી, આખર જોડા ઉચકનાર.
આ ના રાંડના હવે અડાવા બંધાતો આ ચાલ્યા બહાર.

૨૨ ઉદયભાણુ,

માન માયાના કરનારારે; જરિ જોને તપાસ તારી કાયા
પુછી જોને તું પંડીત પુરાણારે કોઇના અમર છે, લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા છે માટીના ખેલ બનાયા
સાણુતો રાગજી આસગ થયા પણ-બાલક બીચારા લપટાયારે
-જરી

લાખોની પાંખો ગઇ છે પીંખાઇ-જેણે મુછ પર, લીંબુ ઠરાયા
કાળના કોવાડેથી કોણ બચ્યું ભલે હોય રંક માહરાયારે-જરી
સંધ્યાના જેવા રંગ—સોનેરી વંધ્યાને લાડ લડાયા
જોબનને તન ધન તેવાં સમજવાં પાણીમાના પડછાયારે-જરી

૨૩ મુળરાજ સોલંકી

ધીરી હાં ધીરી હાં બાલા ધીરી રે ધીરી.
એ સમય પણ આવશે નાવલો રમાડશે લડાવશે ખીલાવશે.
રસ રંગે ભીંજાવશે—ધીરી હાં૦
સખીઓ સખી સત્વર આવો બાગ મહી કો ચોર, જણાએ
ચોર નહી તું ચોરક ચિતની તુથી તનમન સર્વ લુટાયે,,

કેદી કરી બોલાવશે પણ પ્રાણ કહી આ ભેટી રમણી.
પ્રેમ માળ પેહેરાવશે—ધીરી હાં૦

૨૪ વીક્રમ ચરીત્ર

એ........માથે મટુકી લઈ જાઉં
પ્યારી લેહેરી લાલાને દુધલડાં પાંઉ—એ૦
હું ગોવાલણ નાંની નારી,
પ્યારો મારો છે વીહારી.
રંગે રમાડી રીઝાઊં—પ્યારા૦—એ૦

૨૫]] ફે.હીની ચ૦.

ધીરી ધીરી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી, સુંદરી,
નયન મીલાવો પ્યારી, હસી બોલાવો
આપીશ આખી અમીરી ધીરી.
રૂપે રીઝાવું કહેતો સોને મઢાવું
દુર કર તું દીલગીરી—એજી ધીરી.
ધીરા ધીરા કુંવર જરા ધીરા
સગા માડીના જાયા ઓ વીરા. કુંવર જરા૦
જેવી પોતાની તેવી નારી પરાઇ
પર સ્ત્રી પર ભવની પીડા— ધીરા.
રાવણ રોળાણો દુરીયોદન દબાણો
કીચકના થયા ચીરા કૈયા કીચકના૦ ધીરા ધીરા૦

૨૬ વીણાવેલી.

સુંદીર શામળીયા, નામ જપીશ નિત્ય તારૂ
મનહર ના સળીયા, કાશી કરવત ધારૂં,
શામળા શણગાર હમારા, કાળજું હયું કામણગારા
વિનવે કરગરી દીનદાસ દર્શ દો દિલદાર તમારા,
ક્યાં હું કહું દુઃખ મારૂં—સુંદર૦
આસપાસ નહી વાસ નીહાળું, અહહ ત્રીભુવન ભાસ
તું કાળું
નીરખું નહી કદી મુખડું રસાળું, જઇ હીમાલય ગાત્ર હું ગાળું,
સાક્ષી જય દયાળુ—સુંદર૦

૨૭ પવીત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતી નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરમપાર; પ્રીતી.
જેની સાથે જવતલ બાળી, માત પીતા પરણાવે
એને ત્યાગી નીરભાગી નર, આપણી પાસે આવે પ્રીતી
પત્ની સુખ પક્વાન સરીખું, તૃપ્ત થયા નહી તેથી.
ગણીકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી, પ્રીતી.
શું એનાથી કારજ સરશે, એ શું સારૂં કરશે;
સ્વાન સમાન સદા અથડાઈ, મોત વગર તે મરશે. પ્રીતી.

૨૮ ચંદ્રહાસ.

થયા છોરે પતી તેજ પ્યારી તનના, ઉર હસી વરી આજે.
છેલ છબીલા, રૂપ રંગીલા, રાજપુત્ર, પ્રખ્યાત,
જોવા બાગે, અનુરાગે. ચીત લાગે. કેમ ત્યાગે પ્રભુ
મેં તનમન તમને અરપ્યું થઈ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયાં, દીલમાં જે પ્રીત ચાહ
નોતું નક્કી, નોતી વક્કી, નીશા પક્કી વીધી લખી,
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે
મહેલ જતાં તેદી તરછોડી હવે ન મુકું હાથ;
ચાલો આવું, મન ભાવ્યું કેમ નાવું પ્રીય કહાવું,
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે. થયા.

૨૯ ઉદયભાણ.

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલ લટકાળા મને (૨)આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સૈયર મળી હાંસી કરે છે,
લાજી મરૂં છું બાઈ (૨)વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા
નાનું શું નાથ એક ઝુમણું ને મહી જીણા જીણા હીરલા જડાવો
નવસેરો મોતીનો હાર મારા સાહેબા જીણા જીણા લીલમ મુકાવો.
જોગવાઈ જારતી જો હોય મારા વાલમાં કંકણને માણેક મઢાવો
ગરીબ જાણીને બાઝઝાઝુતે શું કહીએબસ આટલેથી મનવાળી રહીયે
બાઝસાબ મોટા એક પાણો માગી લઈએ—સાહેબા સલુણા.

૩૦ સોભાગ્ય સુંદરી.

પ્હેરી ચોળી લટકાં મટકાં કરતા આવ્યાં,

રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં,
ઝાંઝરને ઝણકારે, કર કંકણના ખખડાટે,
કાજળથી નેત્ર દીપાવ્યા—પ્હેરી.
હવે શરમાવો ઠાલા, શાને દીયરજી મારા
બોલો બોલોજી બોલો, બોલો,
મેં કેવાં તમારા નખરાં તો જણાવ્યાં-પ્હેરી.

૩૧

બટવા ગુંજન દેરે મીઝાજવા—બટવા.
આજ મોરે બાળેકા બાળા જોબનવા--બટવા.
ચીકનેમેં ચીકના પીંપળકાં પતવા દુસરા ચીકના ઘીઈ
તીસરા ચીકના ગોરીકા જોબના; યારોકા લલચાત્ર જીવ
—આજ.
નદી કીનારે પલંગ બીછાયા, પાયા ડુલ ડુલ જાય
કીસ પાપીકી નજર લગી મેરા પડદા ખુલ ખુલ જાય-
એજી
નદી કીનારે બગલા બેઠા ચુન ચુન મછલિ ખાય
બડી મંછીને ડંખજ મારા, તલપ તલપ જીવ જાય;
--આજ.

૩૨ સૌભાગ્યસુંદરિ

ધિમાં ધિમાં ચાલોને મારા પ્રાણરે,
પગ નાજુક તમારા આ મચકાઇ જશે. કમર લચકાઇ જાશે,
ઓ સુજાણરે--ધીમા.
નાજુક વેલી ફુલ સમી કોમળ આ તુજ કાય,
ધડકે છાતી શ્વાસથિ એ ચંચળથી ઓળખાય,
પરસેવાના બીંદું આ બાઝયાં મુખે,
મુખ રાતું થયું થાક અતિ દુઃખે,
આ છાતિપરે લ્યો વિસામો સુખે, ઓ સુજાણરે--ધીમા.

૩૩ ભજનરત્ન.

તમે સુણો અરજ ઉર મારિરે, ઘરમાં ગરવાનદે ગરનારિ
કહે છે ચોળિ શીવડાવો, રેશમી સાડી મંગાવો,
ગજરા બંગડી કરાવો પીયુ મારિ,
પેટનિ ખાતર હું કરતો લાચારિ;

કયાંથ શોધિ લાવું વસ્તો ભારિ,
ગયો છું હારિ, હું નિજનારિ, આવિ દશા થઇ મારિ.
—તમે.
થાશો ન કોઇ ઘરબારિ સંસારિ, પ્યારિ પરણેથિ થાશો ખુવારિ
શિક્ષા સારિ, માનો જો મારિ, આથિ એકેલિ જીંદગી સારિ
—તમે.

૩૪ મુલરાજસોલંકિ.

ગુલાબી મધુ બીજો મારા લાલ.
મારા રંગભીના મહારાજ,
મારા રસિક છબીલા રાજ, ગુલાબી,
કામની કેરા કંથડોરે જોબનિયાનું જોર
રસીયાનો રસ પ્રાણ છેરે મીઠા મધુનો તોર; ગુલાબી.
એક બુંદ બંદન હરેરે પ્યાલો હરે સહુ પાપ,
શીશો સગરનો સાથીડોરે આપે આનંદ અપાર ગુલાબિ.

૩૫ પવિત્ર લિલાવતી.

સખિઓ નિજનિજ નિતિ ધર્મ સદા સંભાલીએરે.
પરમ પવિત્ર પતિવ્રત પટકુલ કરી પરીધાન;
સાસુ શશરા માત પીતાની સેવા સાચવજોરે
ભાવ શહિત ભકિતથિ નિત ભજીએ ભગવાન,
એવા ઉત્તમ ગુણથિ ઉભય શકુળ અજવાળિ એરે. ટેક
નજરે નજર નવ જોડીએ, નાથ વિના નર શાથ,
પરનરને નવ આમીએ, તાલિ હાથો હાથ.
હમવું રમવું જમવું એકાન્તે નવ બેસવુંરે.
પતિ વિણ પતિના પણ સદા મિત્રોની સુંગાથ, એવા.
નાથ વિના કરવી નહિ વિનોદ ક્રિડા-વાત
વિધિ વિરૂધ નવ વર્તવું ભલે તાત કે ભ્રાત,
શજનિ ભ્રસ્ટ થવું નહી સુંદરિ શદ આચારથિરે
નિરલજ નટખટનિ સોબત તજવી સુજાત. એવા.
કુસ્ટી કદપ કુબડો, નિરધન નિરબળ કાય,
મતિહિણ પતિત પતિ મળે, એ શતિને સુરરાય,
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ આધુ ઓઢિએરે,
સુખકર શાચવીએ સૌ શાથે શંપ શદાય; એવા.

ઉંચે સ્વરે ન ઉચરવું, સુશીને મરજાદ,
કુલીન બ્હેન કરવો નહિ, વડીલથી વિવાદ;
ચંચળ ચાલ ચટક મટક ચતુર ચાલ ચાલીએરે,
શિવ સુત કેશવની શીખામણ અંતર યાદ, એચા.

૩૬ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સબંધી વિના ત્રિભોવન નાથ
શુ ફોગટ ફાંફાં મારે મુરખડા, ભરે આભથી બાથ
કમળ પત્રપર જળ બિંદુને સુકાતાં શી વાર
શ્રાવણની જળ ભરી વાદળીઓ વીખરાતાં શી વાર
જીવતર સમજવું તેવું આખર ન લેવું દેવું
જીવ જવુંછે ખાલી હાથ અંતમાં પાપ પુન્ય સંગાથ
પંથી જીવ પામી ગયો નર ભવ નગર બજાર
સોદાગર સમજી જઇ કરો પુન્ય વેપાર
જીવ જવું છે ખાલી હાથ અંતમાં પાપ પુન્ય સંગાથ.

૩૭ ઉદયભાણ

પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ ચા...લી
મનને ભાવે તે કરજોરે પુન્યશાચ્યા...લી
તરસ્યાને ટીંગાળવા, પડદે રાખી પ્રીત,
પુછયું પ્રવીણ પંથીએ, કોણ ગામની રીત
શુભ સંદેશા લઇ સચરજો હું આ ચા...લી
માહા મહીનાનું માવઠું, જંગલ મંગલ ગીત,
સમય વીનાનું બોલવું, ત્રણેની એક રીત
વેલા મંડપ માંહી મળજો હું આ ચા...લી

૩૮ વિજ્યા વિજય

ધન ભાગ્ય પધાર્યા ભમરા—છો દિલહર હાલા ડમરા,
કમળાપતિ આપ હું કમળા રસિયા રસિક શંણગાર.
તું પ્રેમ બતાવે ખોટો—પીતર ઘર પ્રીતિ તોટો;
નહિ ગુલાબ હજારી ગોટોરે તું—છટકેલ છકેલી નાર,
શણગાર મજા નહી માની—ફોગટ સમજો જીંદગાની
છે ધરમ કરમ ધુળધાણીરે—સંગાર—રસીઆ૦
છે વિષય વિષનો પ્યાલો—જમપુરી નક્કી જ્યાં ચાલ્યો

ભવ એળે મદનથી મહાલ્યોરે-છટકેલ છટેલી નાર;
હજુ કુંવર તમે છો કાચા—નથી શીખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે—હજુ૦—રસીઆ.

૩૯ પવિત્ર લક્ષ્મી

નયન મીલાવી લે ઓ છબીલી નયન મીલાવી લે,
અટપટી ચિતમાં લાગી ચતુરા ચુંબન કરવા દે
મોતન માલા જરીયન સાડી જે જોઇએ તે લે-રસીલી
લગન લલના લાગી રહી તુજ ચ્હેરો જોવાદે
નાજુક વેલી કોમળ ખીલેલી કળી ચુંટવા દે-છબીલી
મદન અગન અંતરમાં લાગી જલદી બુઝાવીદે-છબીલી
આલીંગન આપી અલબેલી ભેટ પ્રેમની લે-છબીલી
અધરામૃત રસ પાન કરાવી મધુર વચન મુખ કહે-રસી.

૪૦ માધવ વિલાસ

બળું છું પ્રેમ આગમાં [૨] મને કોઇ બચાવોરે;
કોઇ બચાવોરે, એની મારી વારે ધાવોરે. બળું છું
હેરાન હું બેભાન છું મુને શીદ સતાવોરે,

૪૧ અશ્રુમતી

શું નટવર વસંત થેઈ થેઈ નાચી રહયો,
નાચી રહયો જગ નચાવી રહયો.-શું૦
કોયલ મધુર મોરલી બની છેડે નરવર કાન;
વિરહ ઘેલી ગોપી ગણું તજી નીકળી અભિમાન.
રસિયા વિનાની બાળાઓ બાવરી;
વેણું વસંત ચિત વિંધી ગયો-શું૦
શિતળ સુખકર પવનની લહેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ.
વિધ વિધ પંખીના વેણ ઘુઘરી ઘમકેરે;
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે.
નવ પલવ વાઘો ધરી પચરંગી શિરપાઘ;
ફાગ લાલ સાથી રમે મદનરાજ મહાભાગ્ય,
લ્હેરી લાલાથી રમે લલનાઓમાં લાડમાં
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો-શું નટવર૦

૪૨ વિક્રમ ચરિત્ર

મારા રામ ગયા છે વનવાસરે;
નેણુમાં નિંદ્રા ન આવે જરી, મારા.
હંસ વિનાનાં મારાં સરોવર સુનારે
વાઘ વિનાની વન વાટરે. નેણુમાં
પંખી વિના મારાં પીંજર સુનારે;
મંદિરીયાં સુનાં સીતારામરે. નેણુમાં

૪૩ રસિક મણી

બાદીલા બેગે આયોરે, મોરા જોબન બીતા જાય; બા.
ચંદા તેરી ચંદની, સુતી પલંગ બીછાય;
જબ જાગું તબ એકલી, મરૂ કટારી ખાય. બા.
પ્રીતમ પ્રીત લગાય કે. છોડ ગયે પરદેશ,
જાવું વાકે યાદમે, લઉં જોગનકા બેશ; બા.

૪૪ બારિસ્ટર.

પથ્થરને મુરખો પુજે, તાંણે ટીલા લઈ કપાળ;
વહેમોની વાતો સુઝે પઢાવે નાનાં બાળ;
કરે બદકામ, બોળે હિંદનામ, ઠરે નિચઠામ, મુકેછે નામ;
લીયે જુઠ દામ, મળે શું આરામ, વા છે હિંદુ તમામ.

૪૫ સુંદરવેણી.

ગરબે રમવાને ગોરી નિસર્યારે લોલ;
રાધિકા રસિલી જેનું નામ અભિરામ વ્રજ વાસણીરે લોલ
તાલી દેતાં વાગે ઝાંઝર ઝુમણારે લોલ,
રમે રમે ગોકુલની નારી માયા સંગ પ્યારીરે
ઘુમેઘુમે શ્યામને શ્યામ તેપર જાઉં વારી રમે સાહેલીરેરાધીકા
સજી સજી સોલે શણુગાર ઠમકતી ચાલેરે,
ભજી ભજી નંદલાલનું નામ ગોકુલીએ ગામ અતિશે માલેરે.

૪૬ ત્રિવિક્રમ

મુખ નહી બોલે બોલા તમારી પ્રેમ તણો જે [illegible]
બાના સુખને જો ઇછો તો, અરપો યોગ્યજ કંથ. બા૦
દ્રવ્ય ન જોશો, મહેલે ન મોશો, જોશો ન કુળ અભિમાન
વિચારે જો જો, બને જો જો, રૂપ સુરગુણખંત. બા૦

કરી પરિક્ષા પછી સોંપજો, નિજ દુહિતાનો હાથ,
ના લાયક વર દેશો તો, દુઃખે આવશે અંત,

૪૭ જગદેવ પરમાર

થઈ ઘણો વિદેશ વિખ્યાત ઘરે વિર વેહેલો આવજે. [૨]
મારા બંધુ કીરતી ગજાવજે. થઈ૦
મારી રઢીઆળી વીરમતિ, માટ ચુડામણી સાવજે, મારા
તને સદા અંબીકા સહાય, પરાક્રમી કહાવજો. મારા
થઈ રણમાં આગળ વીર, વીર તું કુલ દીપાજે, મારા

૪૮ ભરથરી

અયે કમજાત પીંગલા તેને, બહોત દગા દીયા;
ભાઇ જેસાભાઇ મેને દેશ નિકાલ કીયા. અયે
તેરેપર ઇતબાર રખા, તેં બુરા કીયા;
જન્મ મેરા આજ તેં ખરાબ કર દીયા, અયે
નિરદોષ મેરા બંધુ માલવ દેશેસે ગયા;
નઠોર કઠોર નારી જાત, દિલમેં નહી દયા, અયે

૪૯ ચંદ્રહાસ

વટસાવિત્રી વ્રત આજ, પુરણ કરીએ રે;
લઇ કુમકુમ અક્ષત હાથ, ફરતો ઘરીએરે;
છે પવિત્ર વસ્ત્રો બેન, આપણે અંગે રે;
કરો પુજન વડનું આજ, સૈયર સંગેરે
વિધિ આ વ્રત તણીરે, સાચવો તમો;
તો મંગળ તમારૂં થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો
શાસ્ત્ર વિશે સુંદરતા શી એની લખી
તેથી તમારૂં રૂડું થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો
કંકણ કર વિશે ચમકે તમારાં, અંબોડા શિરપર શોભેછેસારા
એ સૌ રહેશે રૂપાળાં, વ્રતની વિધિ સંભાળો
ઝાંઝરનો ઝમકારો તમારો, લટકો મટકો ને ચટકો તમારો
ખટકો હોયજો પ્યારો, વ્રતની વિધિ સાંભળો

૫૦ મદન-વસંત

કહું વાત હું વિગતે વિચાર, વનિતા વખત વધુ ન લગાડ
કર ધરીને કરંવર પ્યાર, વનિતા! વખત વધુ ન લગાડ
રંગે રમાડું, સંગે જમાડું, પ્રીતિ ચખાડું રીતિ રૂખાડુ

રસામાં ડુબાવું નાર, વનિતા! વખત વધુ ન લગાડ.
વિધ વિધ સાડી, પહેરાવું દાડી
કમખાને ચોળીને ચણીયોને નાડી
હાર હીરાના ને માળ સુંવાળી
ઝાંઝર ઝુમણું; મોતીની વાળી
ખવરાવું પકવાન, થા તું તો જાડી
પગમાં બે જોડા ને છતરી લે કાળી
ચડવાને ગાડી ને ફરવાને વાડી
હું તારો લાડો ન તું મારિ લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઇ જોઇને લેવા
લહેરાજીના વીહવા, નહી ખાવા કે પીવા
તું ચાલને થા તૈયાર વનિતા૦—કહું૦

૫૨ સતી સુંદરબા

અરે આ અબળાનો પોકાર નથી જરી સાંભળો રે
કહું હું કરગરી સોસો વાર વારે વ્હેલા વળો રે
દુઃખયારી આ નાર બીચારી રે......જ ૨૩
સ્વામી તમવિગુ સતીના સંકટ કો...ણ હરે
કર કરૂણા કીરતાર—અરે૦
સીતા સતી તારામતી દમયંતી દેહ દુઃખ વેઠતી
સતીઓને દુઃખ આવે અતી પણ સત્ય કદી નહિં છોડતી
ઘડી સુખને ઘડી દુખ એવી આ જગતની છે રીત
ધીરજ ધરોને બાઇ થાશે સહાય શ્રી સીતાપતી—અરે.

૫૨ સુશીલા

હું ક્ષત્રિય કેરો તન, પાપીનો પરાજય કરૂં રે
ગરજાવી મુકુ હું ગગન, ત્યારેજ અન્નમુખ ધરૂં રે;
દુશમન વિડારણ કાજે, પાપીનો પરાજ્ય કરૂં રે;
અવતાર ધર્યો મેં આજ, ત્યારેજ અન્ન મુખ ધરૂં રે;
નથી બાતે ચિત્ત મોઝાર, પાપીનો પરાજય કરૂં રે;
મારી કાપી કરૂં હું ઠાર, ત્યારેજ અન્ન મુખ ધરૂં રે,
હુએ છે શુરવીરનો અંશ, પરાજય કરૂં રે;
પૃથ્વી નથી અઈ નિરવંશ, ત્યારે અન્ન મુખે ધરૂં રે

આશા મુકી નથી હજી ભાન, પાપીનો પરાજય કરૂં રે.
શશિએ નથી બદલ્યું સ્થાન, ત્યારેજ અન્ન મુખ ધરૂં રે.

૫૩ કનકતારા

પૈસા પૈસા પૈસા તેરી અજબ બની બલીહારી
સભી જહાંમે પૈસા સબપર કરતાં તું સરદારી
તેરે બિના ન ચલે કીસીકો તેરી સુરત પ્યારી
તેરી ખાતર હમને સરપર ઉઠાઇયે દુશવારી
પૈસેવાલે ખુબસુરત બિન પૈસેવાલે મુરખ
આયે બારેતઆલા તેરી અજબ બની હએ કુદરત.
પૈસેવાલોંકી સભી કરતે તાબેદારી.

૫૪ સુંદરવેણી

સિપાઇ તેરી નાલીશ કરૂંગી પોલીશમેં
તેં મેરા બટવા ચુરાએ—બે પટવે નાલીસ
બટવા ચુરાયા અંગીઠી ચુરાઇ
જોબન લુટાયા મુરતમે બે પટવે—નાલીસ

૫૫ કામસેન રસીકા

ચંદ્રમુખીને એકલી મુકીને હું આવ્યો અહીં
પ્રિતની જાળ તોડીને જીવ કર્યો મેં પ્રીય સહી
ધીક હવે છે જીવનું ધીક્કાર ફરવામાં આંહી
પ્રાણથી પ્રિય પત્નિ જે છોડીને હું આવ્યો—અંહી ચંદ્ર૦
મારી અવસ્થા શી થઇ છોડી જતાં પ્રિયા તને
નીરજીવ થઇ હવે કરૂં તેથી ભલુ મરવું અંહી—ચંદ્ર

૫૬ માનસીંહ અભયસીંહ

ફેંકી દીધો જ્યાં કીરતારે પછી કોણ ચડે ત્યાં વારે
આપે દુઃખ તે મરજી ધારે, વિધી હોય પ્રતિકુળ ત્યારે
રહેવા દે ન કયાંય કરારે, આવી પીડા આવે જ્યારે,
મુંગો કયાં જઇને પોકારે, પકડી ખુબ કદિ જો મારે
તેવી પીડા થઇ છે મારે, અરે પીડા થઈ છે હાય?
અરેરે પીડા થઈ છે હાય! ફેંકી૦
રાજ ગુમાવ્યું સહેજ સાજમાં. રમ્મત ગમ્મત કરતાં કરતાં
ભાઈ ગુમાવ્યો સોના જેવો હાય જંગલમાં ફરતાં ફરતાં
દુ:ખની બાજી જોવા સ [illegible] હું જીવ્યોછું મરતાં મરતાં,

ક્યારે મળશે જાત ટકયો છું, બસઓ આશા ધરતાં ધરતાં
હકીકત જે કંઈ આપે જાણી, એ છે મારી દુઃખની કહાણી
કહેતાં આવે આંખે પાણી;
શાંત તો થવાના દુઃખ થાય હાં ! હા !
જીવથી જવાયના દુઃખ થાય હાય હા ! હા !
જો સુખીઓ ધારોતો હું છું જો દુઃખીઓ ધારો તો હું છું,
વીર ક્ષત્રી બાલક હું છું રહું છું આ અવતારે દૈ કીં૦

૫૭ રસિકમણી

ચલરે ગાગર ચલરે ગાગર જમુનાજી જઇએ;
જમુનાજી રળીઆમણારે ગાગર ધુમે ચલરે૦
પાણીડા જાઉં તો મને તડકોરે લાગે
સાહેબા ચંદરવા બધાવો, ગાગર ધુમે, ચલરે૦
સેરીએ ચાલુ તો મને કાંટારે ભાગે
સાહેબા ગાલીચા ઢલાવોરે ગાગર ધુમે ચલરે૦

૫૮ સોભાગ્યસુંદરી

પીલે શરાબ મજેદાર મેરે યાર પીલે૦
જાહીર દિલકો જાસમેં લાવે
રંજો હટાવ હજાર મેરે યાર પીલે૦
દહત મામકો ગઈ કરતહે
શરદમેં બહોત બહાર મેરે યાર પીલે૦

૫૯ કુંદબાળા

જાઓ જાઓ એવી પાપી વાંણી બોલતાં લજાઓ
કાળુ મહોડું ધરી આવતાં શું નહી શરમાઓ જાઓ
છોડી મુજ પ્રાણધાર કરૂ બીજા ભરથાર
છોડી ધરમ વિચાર, તજી દઈ સાચો પ્યાર
વસાવું પાપી વિકાર, મુજ અન્તર મોઝાર
કરતાં એવો ઉચ્ચાર, જાઓ લજાઓ લગાર જાઓ
પ્રીતમની પ્રીત નહી જીવગયે પણ છોડું
અવર પુરૂષ સાથે કદી પ્રેમ નહીં જોડું
રહી સત્ય ધરમે ચહી પ્રાણ પ્યારો
સહી સંકટો એકલડી સદ વિચારો
નહીં હું કદી થાઉં તાબે તમારે

મને કાંઈની છે ન પરવા તમારે આઓ

૬૦ ચંદ્રહાસ

ડરમાં તું દીલસાથ છોકરા, ડરમાં તું દીલસાથ
તુને કોઈ ન મારે લાત, છોકરા૦
તુંને સંભાળું પ્રીતિથી પાળું ચાલ તુને મારા મેહેલ દેખાડુ
ઘરેણા વસ્ત્ર સારા સારા કાડુ, ચાલ તું જો મારા મેહલના ચીત્રો
રમકડાં રૂડાં ન્યારા વીચીત્રો, અરે મારા કેવાછે કંકન હાથ
જોજે મારે કેવા કંકણ હાથ – છોકરા
તમે માશાળું દીલદયાલું સોના કહ્યા વીના હું નહી આવું
માત પીતા તમ ભ્રાત કોણ છું તેણ્યાજી એહું સત્ય કહા છું
નાના નહીં હું તો ત્યાં નહી આવું, તમે મુકો મારો હાથ છો૦

૬૧ ચીચીકમ

રૂમ ઝુમ ઠુમ પગ દઇ પ્યારીરે ફરીએ
ઓ પ્રીત નથી આ પ્રીત દીલમાં ધરીએ
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરીએ
કરશું રાજપાટ કુરબાન તમોને જોઇ
તમ વિના પ્રેમદા ઉમ્મર આટલી ખોઈ
તો પ્રાણ ફીદા છે તમોનેરે વરીએ
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરીએ.
જઇ બાગ વીશે તમ રાગ રાગણી સુણીએ
રૂતુ રૂતુ તણાં શંગાર સુખ ભોગવીએ
હો કામ કળા રતી પતિને રીઝવીએ હો

૬૨ લીલાવતી

કામણગારી નારી કહેજે મને વાત તારી રે
છેલછબીલી છબી ફાંકડી આ દીસે અદ્ભુત
ગુણ હીણો ગામડીઓ ગુહો એનો ભમતો ભુત કામણ
ચતુર વીચીક્ષણ તું ચતુરા ને ધણી મુરખ સરદાર
ચંપકવરણી કેમ ચાલે છે ગમારથી ઘરબાર કામણ

૬૩ ઉમારેવડી

તારી નીંદના ગઈ તારૂં જીવતર ઝોલા ખાય હોહંસા
જોબન ધન જાશે જરૂર ઉડે જેમ કપુર
ભગવતને ભજ ભાવથી શું હંસા મારે ફુલ

અજ્ઞાત થઈ પોઢી રહી ચેતન કાંઈ ચેત
કાળ ઉંદરડા કાતરે તારૂં ઉતમ આયુષ્ય હેત

૬૪ ઉદયભાણ

બાળાં ભોળાંરે કુમારીકા અમે પરણીને પસ્તાયાંરે;
પહેલાં થઈ ફુલી થયાં ફાળકા, હૈયડામાં હરખાયાંરે;
ચાર દીન વહુ લાડકા, મનમાં મલકાયારે
બન્યાં એકદમ કાળકા અંતરમાં અકળાયાંરે
મ્હેં તો જાણ્યું કે બાઇ ફુલડે પુજાઇશું
ખાજા જલેબી નિત્ય નિત્ય ખાઇશું
મ્હેં આગલથી મનમાં ધાર્યું, માન મ્હોટી મરડાઇશું
નણદીના વીરાને ઘડી ટીંગળાવી ભાગોળે ભુ પાઇશું રે
મોહન મળીયા, વાતમાં વઢીઆ......
નળીયાં ખખડીયાં, વાણી ઉચરીયાં (લે રાંડ દીવો)
મ્હેં કહ્યું ઉંહું (૨)
ચડસમાં ચઢીઆ, ખુબ કકળીઆ
ઉંહુંનું ઓસડ-ધોકા પડીઆ-પરણી
પરણ્યો પીઠ્યો પર ઘર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુળ દીવારે
ઓશીઆળાં ખાઇએ, હૈયે સીઝાઇએ પંડે પીડાઇએ
તોયે આ બાઇરે-ધોકે ધીબાઇએ-પરણી

૬૫ ગુલઝારેમોઆકે

મોહોલે પધારો મહારાજ મણીધર મોલે પધારો
વહાલા પધારો વ્રજરાજ મણીધર મોહોલે પધારો
ફરી રાખીએ એકઠી ઘણા દીવસની ગોઠ
રાજ મલેતો કીજીએ આવી રહી મારે હોઠ
મણીધર મોહોલે પધારો
હું પણ દાસી બાવલી બાહ્યા મહની લાજ
જોબન લેહેરે જાય છે ત્યાંગુને માહારાજ મણીધર
હું સરખી બહુ આપને મારે તો એકજ આપ
સહેવાતું નથી રાજવીણ કોને કહુ પરિતાપ મણીધર
સેજ અમારી ફુલડે આનંદ ઉર ન સમાય
[illegible] માં પીરસ્યા હું તો તલસીસ પ્યારા પ્રાણ

મણીધર

પ્રીતમદાસ દયાતણા શ્રી વૃજરાજ કુમાર
ઘણા દીવસની હોંસ છે પુરો પ્રાણ આધાર
મણીધર મોહોલે પધારો

૬૬ ક. ચ.

કાનુડો ન જાંણે મારી પ્રીત બાઈ અમે બાળ
કુવારાં રેકાનુડો
જળરે જમુનાના તીરે હું તો ભરવાને ગઈતીરે
કાનુડે ઉડાડયાં આછા નીર ઉડયાં-ફરરરરરરરે કાનુડો
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોલસે ગોપીના ઝાલયા ચીર ફાડયાં-ચરરરરરરે કાનુડો
હુંતો વરણાગી કાના તમારારે નામનીરે
કાનુડે તાણીને મારયા તીર વાગ્યાં-અરરરરરરે કાનુડો
બાઇ મીરાં કેછે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધાં ખાખ ઉડી-ફરરરરરરરે કાનુડો

૬૭ કળાવતી

શું બધ્ધ કરમાવો કોમળ ગુલાબી આ ફુલ
યોવન નવરંગેથી કાંઈ ખલતું ટકેશી લાલી અમુલશું૦
રંગનો રસીલો વેગલો આવીને મળશે ફીકું પડો
ધીરાં નયનોથી નયનો મીલાવી ખીલવશે પ્યારૂં આગુલશું૦

૬૮ નવલ કુસુમ

સ્વીકારો સલુણી મારા પ્રેમની નીશાની
મન મોહના હું માથે ચઢાવવું સ્વીકારો
એ નિશાનીથી બંધાણી મારા નાથથી સદાની
મનમોહના હું જીભથી જડાઉ-નિશાની
હવે તો હું તારો, તું મારી સદાની
સાક્ષી સુજાણ દેવ, લગ્ન કીયાની
દઇશ હું સુશાણી, દઇશ હું સુશાણી દઇશ હું
સુશાણી. સ્વીકારો૦

૬૯ જુગલ-જુગારી

અમો અલબેલાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી
પ્રીત વ્હાલીરે અમો૦

ખસ કરાવો, ચરેણા ચઢાવો
મોતીડે મઢાવો મન ખાલીરે ખાલીરે
ખાલી મન ખાલીરે અમો૦
નેહની નજરે નાથજી મારા
નારી બને ઘેલી કાલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે અમો૦

૭૦ ઉમાદેવડી

છોડો છોડો છબીલા, જાઓ હઠો હઠીલા
મારી લુટાશે નવલખ લાજ—છોડો૦
તમે મ્હોટા પુરૂષ માહારાજ, પાણી પ્હેલાં બાંધી લ્યોને પાજ
વાહ વાહ વચન રસીલાં, તારા નયન રંગીલાં
ગોરી ગાળ ગરવને ગુમાન–રસીલી પ્યારી૦
લાગે જેને પ્રીતનું જ તાન, ગણે નાના મોટા સૌ સમાન ગોરી.
કંથને કંથ જગમાં બધા, વિરલા પાલણ હાર;
પ્રીત ભગત ભામા સદા, વચન નિભાવણ હાર,
મુકો મુકો માનુની ગુમાન, શાણા દાસાધું તારી સુજાણ
ચાલો ચાલો ચતુર પ્રિય પ્રાણ—છોડો૦

૭૧ બાહારે ગુલશાન.

કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ.
એકતો મેં નેના કસુંબી કસુંબી રંગ હો ગએ. (બેવાર)
કાં કાં જાગે સારી રાત નેના કસુંબી રંગ હો ગએ.
એકતો મેં રાજા મેં રાજાકી બેટી (બેવાર)
મેરા સૈયાંહે નાદાન નેના કસુંબી રંગ હો ગએ
એકતો મેં પાનો મેં પાનોસે પતલીમેં પાનોસે પતલી [૨]
સજ્યાહે સોલે સણગાર મેં નેના કસુંબી રંગ હો ગએ.
એકતો અંધેરી અંધેરી અંધેરી સી રતીઆ [૨]
બની છાયાં ઘમઘોર નેના કસુંબી રંગ હો ગએ.
એકતો મેં બાલી મેં બાલી મેં બાલીસે ભોળી [૨]
મેરા સૈયાંહે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.

૭૨ વીક્રમચરીત્ર

કોઈ દુધ લ્યો દિલ રંગી

શોખીલા શાણા ઉમંગી છો, કેઇ૦
કેફી પીવે કસુંબલો, ગાંજો પીએ અણુધ;
દારૂ દીવાના પીવે, શાના પીએ દુધ-હાં-કેઇ૦
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ,
ત્રીજો રસ ગોરસ ભલો, પીવે કાયા હેમ-હાં-કેઇ૦
ગોરી ગવરી ગાયનાં, ગોરાં સારાં દુધ
હું પણ ગોરી ગોરડી, ગોરૂં દિલ છે શુદ્ધ-હાં કેઇ૦
હેમ કટોરો હાથમાં હાથમાં માંહી અમૃતસાર
ચતુર હોયતે ચિંતવે ગુણ સમજે ન ગમાર
તુજ મારે કે ઉગારેથી અથવા પાપોને સંહારે,
કરીને ભવસાગરથી તારે, ખંતેથી૦

૭૩ ભરથરી.

કામછે દુષ્ટ વિકારી અહાહા પ્રભુ કામ છે દુષ્ટ વિકારી.
ઇંદ્ર સમાન પતિ અતિ સુંદર અંધ પાળથી છે યારી. અહા૦
પ્રસંગોને ત્યાગી એકનેજ ચાહે તેના ચીતમાં છેજારણીનારી. અ.
ધીક બાઇ તુજને ધીક તારી બુદ્ધિ વિપરિત વાત વિચારી. અ.

૭૪

સખી વીરહી જનની પીડ વિરહી જાણે છે,
જે પ્રિયા છે પ્રિતમ પાસ ફિર નવ આણે છે,
સખી સાસરીએ ઉપભોગ માનની માણે છે,

૭૫

શોભંકીનો સુત મનને તાણે છે,
ચંદ્ર ચઢયો આકાશમાં ચંદ્ર રૂતુ શણગાર,
રામા લેતી રાસડા મનોજ કેરો માર મનડું થોભે છે. સ૦
સખી પરાક્રમી પરમાર ચીતડું શોભે છે,
વરવા એ ભરથાર આનતો થોભે છે. સ૦

૭૬

જાઓ છોડો છબીલા હઠો હઠો હઠીલા
મારી લુંટાશે નવ લખ લાજ,
તમે મોટા પુરૂષ મહારાજ પાણી પહેલાં બાંધી લ્યોને પાજ
વાલા વચન રસીલા તારા નયન રંગીલા,
ગોરી ગાલે ગરવને ગુમાન.

૭૭ સોભાગ્ય સુંદરી.

જાશો ક્યાં દઈ વચન નહી કરવા દઊં ગમન,
ધીરે ધીરે ખસવું નથી ઘટતું, પ્રાણધન પ્રાણધન
વરસાવી પ્રેમ ઘન, નરસાવો કાં નયન,
શું રતી પતી થાયા થાવા મન ધાય એન જાશો૦

૭૮ ભરથરી.

ભરથરી ભ્રાતા વિચારીને તમે કરો હું પ૰ કોપ,
વણ અપરાધે (૨) તમે વદો વચન આરોપ ભર૦
છો શીર છત્ર (૨) નવલોપું નીતી ધર્મ,
બંધુ પત્ની મમ માત છે કયમ કરૂં અવહિતજ કર્મ ભ૦
કદ્દું વચન બાણ [૨] શીરપર મુકોમાં કાપ,
આગળ વાત વિચારતાં ભાઈ પામશો પશ્ચાતાપ, ભર૦
પાંડવમાં ધર્મ [૨] લક્ષમણ ને જેમ રઘુવીર,
કનક ભક્તિ તેમ માહરી નવ જાણો બંધુ કથીર, ભ૦
ગણું આપ સેવ [૨] મુક્તિ દાત મનમાંય,
બ્રહ્મ રસ ભોગી ભ્રષ્ટ થઈ કયમ તુચ્છ વિષય ને ધાય ભ૦

૭૯

ચંદ્ર વખત શોઆવીઓ આફતમાં દેશ ડુબાવીઓ,
કીધી પ્રજા પાયમાલ કર્યા સોના બુરા હાલ,
પ્રીતમને ફંદે ફસાવીઓ,
અહો માય પ્રિતમને ફંદે ફસાવીઓ.
માજી મુકો એવી વાત હવે ચાલો મારી સાથ,
ભાગ્યે રે ખેલ ભજાવીઓ. ચંદ્ર૦
માજી જઇએ બીજે દેશ તજી રાજ્ય શી વેશ,
ભાવીને આ હાલ ભાવીઓ. ચંદ્ર૦
અહો પ્યારા પ્રતીપાળ, ઝુરી મરસું બેહાલ,
દેવેરે જુલમ દેવેરે જુલમ દેખાડીઓ. ચંદ્ર૦
અમો મરીએ આણે ઠામ માજી જાઓ બીજુ ગામે.
સાથેરે દાસી તમારીઓ ચંદ્ર૦
માજી થાશે રૂડું કામ દામ દાના તણી સને હામ.
દુશમન કદી હાલ ફાવીઓ,
તેથી શું રે દુશમન કદી હાલ ફાવી

એમાં આપાનો છે બાધ, ચડી બેસો વાલા ખાંધ.
જાણો જે તખ્તે ઝુલાવીએ,
બાલભાને જાણેજ તખ્તે ઝુલાવીએ. ચંદ્ર૦
વાલા વિહાતું આવીએ,
બહાદુર બોલે સીધાવીએ. ચંદ્ર૦

૮૦ ભરથરી.

જા સખી તું વેગે વેલી લાવ અશ્વપાલ,
સાર વિના કામે વ્યાકુળ, થઇ છું હું બેહાલ
મોહ્યું એથી મનસારુ રાખું તેથી યારી;
જીવ જહાન એ છે મારો સુણ સખી પ્યારી.
અહહ બાઇ એહ તર્ક નથી ઘટિત આપ,
અતિ પવિત્ર આપ સ્વામી શીદ ધરો છો પાપ
નીચ સંગ યારી તેમાં ફળ નથીરે સારૂં
સુજ્ઞ થઇને શું કરોછો કાર્ય આ નઠારૂં,
મારી સાથે શું છે તારો ધર્મ તું વિચાર,
અશ્વશાલ સઘ શોધી ખોળી લાવ યાર,
મુર્ખ મોટો એ છે પણ જાણે ભોગ વિલાસ,
એના સમ સુખ કદી મળે ન સ્વામી પાસ,
પતિવ્રતાનો ધર્મ ત્યાગ કાં કરો છો બાઇ,
દિલ દીધેલ સ્વામિ સાથે ના રાખો જુદાઈ,
જો કદાપિ નૃપતિ જાણે આવું દૂષ્ટ કાજ,
ફળ મારૂં ખોદી કાઢે ભૂપ પૂન્ય રાજ,

૮૧ રાણકદેવી.

હુંરે થયુંરે બેના હુંરે થયું આપણી આ રાણકીને હું થયું
હાજી હારિ એ ઉભીતી હમણાંબારીમાંથી હું ચેટક થયું આ
ધબક લઇને હેઠે પડીઇ, હુંરે ભરાઈ ભૂત પેઠી ગયું. આ.
રજલી જાકે કાકા હડમમતે લે હું તપાહુ એનું હૈયું આ.
કીરકી એની આંખ દબાવતું, બોલાવ તારૂં માનહે કયું આ.

૮૨ રાણકદેવી.

વી આવ્યા લાજખરી,
પગલું તમે ભરીઃ

પરદેશે જઇને નામ લજાવ્યું,
એવું સગપણ આવ્યા કરી. જાઉં૦
કુંભાર માટીનો ઘડનારો
તે થાયે શું સસરો મારો;
એ વાત કાંઇતો વિચારે, દુનિયામાં તોલ ધરે મારો
હવે પગ નહીં ફરી ધરો,
છે શરમ શરમ મુખ સંતડો. જાઉં૦

૮૩

ગતી છે કર્મની ન્યારી, ક્ષતી પહોચે નહિ મારી ટેક.
આ જંગલમાં એક દીન, કરતો સુખે શીકાર,
એ જંગલમાં એકલો, ઉભો હું આવાર;
સ્થિતિ લાચાર છે મારી, બહુ છે ઉર બીમારી. ગતી૦
હરરોજ આ હાબાપરે, મનડું કરતું મોજ,
એ હાબો અવરેખનાં, દાબે દુખનો બોજ
ઉઠાવીસીર નાદારી, જનમ ભુમી કરૂં ખારી, ગતી૦
કીસમત બદલે સહુવે બદલું, બદલ્યું જગત તમામ,
રહી બદલવિ આમ:તી, રહ્યા બદલવા રામ,
ના બદલે સોન જો પ્યારી, તો સુધરે જીંદગી મારી; ગ૦

૮૪

જાજા દુરાચારી નારી તને કાંઉં હું ધીકારી,
બોલ વચન વિચારી; ખેંચી કાઢ જીભ તારી.
નિચા કૃત્ય કરનારી, લોંઠી લાગે અવીચારી; જાજા.
પીતાને બનાવે પતિ, ખોટું સમજાવીને,
સતિની બગાડે મતિ, ચામડી ચડાવીને,
એતો પતી તારો, હલામણ પતિ મારો,
મારા પ્રાણ થકી પ્યારો, મેતો ધણીએને ધાર્યો; જાજા.
નીચ ફંદમાં ફસાવે, ખોટી લાલચ બતાવે,
એમ સતિહાથ નાવે, રાંડ કોયલ શું ચાવે,
એઠું ખાનારી તું એઠી, શિદ ઉતારામાં પેઠી,
તારા વચનથી લાંય, લાગી મારા ઉ
તારુ મુખ દુખદાય, મને લાગે
લુચી રાંડ વાણી તારી, હવે

૮૫

જન જુવો વિષયના અંધારે કેવા કરે ધંધા,
વૃદ્ધ છતાં વ્યભિચારે વળગે, કુળ મર્યાદા મુકી અળગે,
સદ્ગુરુ ખોઈ સંધારે. કેવાં૦
ચિત હરતા કરતા બહુ ચાળા, છતાં છતાં કરુપા બને રુપાળા
કરે ખુશામત ખધારે. કેવાં૦
અંગ ભુજ રાખે અટકાવી, અબળ છતાં દોડે બળ લાવી,
બનવા બેવડ ધંધારે, કેવાં૦

૮૬

વાલા જાણું છું બધી વાતરે લટકાળા લાલા,
પરણીને પરહરી પાપ વિનાની, રહી રાતરે મલકાવો ઠાલા
સા—શત્રુને સોંપી ગયા, નિજ નારીનો હાથ,
મેરૂ મલથી મનડરી, નાસ્યા વેલા નાથ, ૫૦-વા૦
રહ્યા હોત મુજ મદદમાં, છેલા આપ છુપાઈ,
કરિ બતાવત આપની ભામની ખરી ભડાઈ ૫૦-વા૦

૮૭

મેરીજાન તમપર ફીદાહું ચાયબોલો ચાયન બોલો;
મેરી જાન તમપર ફીદાહું.
મેરી ગલીમેં આયે, તેરા ઇસકને સતાયે
બદલામ હોતા રહા હું. ચાય.
કયા કીસ રહી હરીઆલી, ઉલફતકી ઝાલ ડારી.
દીવાના મેંતો બનાહું. ચાય.
તેરી ઇસકી કટારી, દીલ પેર લગીહે ભારી
જખમા મેં હા રહાહું. ચાય.
ફુલું મે ફુલ ચંપેલી, પનઘટ મે ચલી અકીલી
ગલે હાર હોતા રહા હે.
લેલી કે ગામમેં મજનું, બનબન ફરે અકેલા
કાંટા મેં સો રહા હું.

૮૮ ભજન તાલ વાલણી

આરી પ્રીત બાઈઅમે બાળ કુંવારાંરે કાનુડા
હું તો ભરવાને ગઇતીરે,

કાનુડે ઉડાડયાં આછાં નીર ઊંટયાં—ફરરરરરરરે. કાનુડે૦
જમુનાને કાંઠે વાલે રાસ રમ્યો છે.
સોળસેં ગોપીના ઝાલ્યાં ચીર ફાટયાં—ચરરરરરરે કાનુડે૦
હું તો વરણાગી કાના તમારારે નામનીરે.
કાનુંડે તાણીને માર્યાં તીર વાગ્યા—અરરરરરરરે કાનુડે૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા,
કાનુડે બાળીને કીધાં ખાખ ઉડી—ફરરરરરરે કાનુડે૦

૮૯ દક્ષિણી લાવણિ તાલ દાદરો.

કાન્તા કેમ થશે નાથ હજુએ ના આવ્યારે,
પડતી ફાળ જો નીહાળ.
અલ્પકાળ સુગાળ જાળમાં નકી ફસાયારે કાન્તા૦
ક્ષત્રી ગણી લખ્યો પત્ર પ્રીતથી મેરે.
સુણસે કરણ દેશ શરણ ધર્માચરણ કંઠ હરણ.
પ્રાક્રમી ગણાયારે. કાન્તા૦
ચો તરફ બળે દાહ દાહ અગ્નિ લાગ્યોરે વેરી માબાપ
દીલમાં તાપ દુઃખ અમાપ પુરવ પાપ.
ભાવીએ મન ભમાવ્યોરે.

૯૦ માઢ તાલ દાદરો.

બાલમ બેગે આવજોરે મોરા જોબન બીત્યો જાય બાલમ
સાખી—પ્રીતમકુ પતીયાં લીખું ઉપર લીખું દો સલામ.
જીસ દીનસે તુંમ બીછડ ગએ મોરી પ્યારી નીદહરામ
સાખી—સાજન ગયે પરદેસવા, સુની પડી મેરી સેજ
મનકી મનમે રે ગઇ આસ રહી નહિ સેજ.
સાખી—સજન એસા કીજીએ ઢલ સરીખા હોય,
સુખમેં તો પીછા ફીરેરે-દુખમેં આગે હોય મારો
સાખી—સજન સજન મેં જપુરી સજન કે મન ઓર
પ્રીત છોડી પર રીઝતે એક મિત્રકા ઠોરરે,

૯૧

ધીમા ધીમા ચાલો મારા પ્રાણરે.
પગ નાજુક તમારા મચકાઈ ૦

સાખી-નાજુક વેલી ફુલ સમી કોમળ તુજ આ કાય,
ધડકે છાતી શ્વાસથી ચંચળથી ઓળખાય,
પરસેવાનાં બીંદુ આ બાઝયાં મુખે,
મુખ રાતુ થયું થાક અતિ દીસે,
આ છાતી પરે લ્યો વિસામો સુખે હો સુજાણરે—ધીમા.

૯૨

પહેરી ચોળી લટકે મટકે કરતા આવ્યા.
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યા.
ઝાંઝરના ઝણકારે કર કંકણના ખખડાટે
કાજળથી નેત્ર દિપાવ્યાં   પહેરી ચોળી.
માને દિયરજી મારા શરમાવ કેમ ઠાલા,
બોલોજી બોલો બેલો એ નખરા તમારાં જણાવ્યાં પ.

૯૩

કોઇ દુધ લ્યો દિલરંગી મારા ગાણા ઉમંગી.   કો.
સાખી—કેફી પીએ કસુંબલો ગાંજો પીએ અબુધ.
દારૂ દીવાના પીએ દાના પીએ દુધરે
ગોરી ગોરી ગાયનાં ગોરા છે મારાં દુધ;
હું પણ ગોરી ગોરડી ગોરૂં દિલ મારૂં શુધરે. કોઇ.
હેમ કટોરો હાથનાં લીધો ધરાને પ્રેમ;
કાળજડું ઠંડું થશે કાયા થારો હેમરે.   કોઇ.

૯૪

કુવે પાનીકુ ના જાએ નજર લાગે;
નજર લાગેરે નજર લાગે,   કુવે૦
મેં જબ જમનાકે ભરને ગઈતી:
દેખી તુરત મેં ભાગીરે;

૯૫

મજા કયા દેતે હે તું યાર તેરે બાલ ઘુંઘટ વાલે.
પ કયું કરતા મુજરેં પ્યારા
નકે સરદાર   મજા.
અવત મુજ આ તીર;
ગયે છાલે.   મજા.

૯૬

વારી વારી શું શોભેછે વીરા
બીજા પાંચકડાને પોતે હીરો
ચીરસુ ઓબક્ષીએ ખાંડ તે વીરો
દેશે બેનીને બહુ હીર ચીરો
ધરણીધરનો શેવક જન વીરો
સા-સુભ ચાહક જગતનુ
બેન વિનાં નહિ કોય
વંશ વધારક તાતના દિમાસુ નવ હોય
આપતું આશીશ, મુખડા પામીશ
દુખડાં વામીશ બેહેન
સા-ધન ધન મારી બેનડી
વીણ સ્વારથ તુજ પેર
સ્વારથ સહુ સંસારમાં
નહિ નરસીને ઘેર
સાચી સાચો પ્રીત ચાટી તારે
ચીત ગાઉં મને ગીત બહેનતાં વારી૦

૯૭

[માઢ તાલ દાદરો.

પતી મારા પ્રાણ પ્યારા આંખોના તારા ને દુખીઆરા,
થા તું ઠગારા દુર.
ઠગાઈ ચડી વહે તારી નજરે મારી દુર દુર ૯૨
જુઠું જણાવે ડાળ બતાવે મુને પડાવે,
ને ફોસલાવે લાજ ના આવે એમ શું ફાવે દુર. પતી૦

૯૮

[લ્યાણ તાલ લાવણી.]

દશા આ શી થઇ મારી કરમની છે ગતિ ન્યારી દશા.
રમતાં રાજમહેલમાં વસ્તાં સુખમોજાર
સેવાર હાજર હતાં દાસી દાસ હજાર
ભોગવચી આજ લાચારી, પડયો હું વનમાં
કુલ સહી આપણ જેહને કઠણ ૯
સતી છ પથ્થર તણી ધરતી ૯
[illegible]

તરસ્યાં ભુખ્યાંને અમે દેતાં પાણી અન્ન,
ટળવળીએ આવન વિસે ભુખ્યાવિણ ભોજન.
મીરા મળતું નથી વારી રહું કેમ ધીર હું ધારી.

૯૯

[કાફી તાલ ત્રીતાલ.]

સુખ એક અવનીમાં સુંદરી [૨] મૃદુ વેણી મુગા નેની
ક્ષુટી વેણી કોકીલેના કંઠ મધ રૂપભરાને. સુખ,
સીંહ કટી છનાનટી રાગ રગ મરદંગ ચટકે ચપળા.
મારે સહુ ગમન તીક્ષણ. સુખ૦
આવે હસી ઉર વસી ઉપજાવો આનંદ.

૧૦૦

[સિન્ધાનો કનરો તાલ દીપચંદિ

તારૂણી તુજથી નથી રે જુદાઇ
શરદીવદની સુખ પામુ હું આંહી તારૂણી૦
વદન મનોહર તારૂ લલીતા,
સારંભ અંગજવન સુખદાઈ
ભ્રગુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમ
નીરખી પ્રિયા ભુલુ સરવે કાંઈ તારૂણી૦
ત્રગુણો સાઠ ત્યાગી તુજનેરે ચાહું,
તુજવણમુજ ક્ષણ કલ્પ સમજાઇ. તારૂણી૦

૧૦૧

ડરમાં તું દીલસાથ છોકરા તું ડરમાં તુ દીલસાથ.
તુંને કોઇ ન મારે લાત છોકરા ડરમાં

તુંને સંભાળુ પ્રીતિથી પાળું
ચાલ તુને મારો મહેલ બતાવું
ઘરેણાં વસ્ત્ર સારાં સારાં કાઢું
ચાલ તું જો મારા મહેલનાં ચિત્રો
પડા ન્યારાવિચિત્રો
ના ભીમાં હું ભોળી છું,
કુણ હાથ.
કુણ હાથ.

૧૦૨

કેમ ભાન ભુલી હું દેહની મુજ શુદ્ધ બુદ્ધ સરવે કયાં ગઇ
જોઉં સ્વપ્ન કે સાચું હું રે નીસ્વજ મુખે કેમ થઈ
ગાજે છે મેઘ જોરથી કે કામ બોલે કોપથી.
મુજ મન ભેદી જાય છે પ્રીતમ તણા વિજોગથી.
ઓ નાથ આવી મળો તમે દિલ શાન્ત કરવા મુજકને,
દર્શનની આતુર હું હવે દાસી સંભારે આપને
શીદ કલ્પાવો સતાવો હું છું રંક જુઓ જરી દીલપર ધારીરે
અમારી નાદારી ગમખ્વારી આવારી છે મારી સાથ
હું તારી ગઇ હારી દુખીયારી છું ભારી લ્યો ધારી અહીં
અનાથ શીદ૦
હું તનથી છું ધનથી છું મનથી છું જનથી
સાજનથી બહુ દીનથી દુર
માતાથી પિતાથી ભ્રાતાથી નાતાથી ન ચડયું નુર શીદ૦
બીચારી વિચારી લ્યો તારી કર ધારી.
દીલ ધારિ થા મારી આજ
પ્યારાને મારાને આંખોનાં તારાને જાવું છે મળવાને કાજ શી.

૧૦૩

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે
શોભે રજની સુંદરશી આજ
હેતે રમીયે સંગાથે સઈઅર આપણેરે;
સઇઅર કંકણો સોનાનાં કરે ધર્યાં રે;
માંહી જડીયા છે નિલમણી નંગ —હેતે૦
સાખી—મળીઆં આજે આપણે ક્ષરિ સોળ સણગાર
કર કંકણ ચુડી ચમક ચંદ્ર તેજ એક તાર,
હીરા રત્નથી જડીત ઉર હાર છેરે
મોતિ ગુચ્છા લળકેછે બાજુબંધ હેતે૦
સાખી—અંબોડા ફુલે જડયા સર સાથે ક્ષ
ઝીધા ક્રુમ ક્રુમ ચાંદલા સુકતા
આરસ પારસ મણી જડેલા

તેમાં રમતા વસતા હુએ નણુદલ વીર હેતે૦

સાખી—પેર્યાં ઝાંઝર પ્રીતથી ઝણણ કરે ઝણકાર,
ફરીએ શણગાર કુદડી આ રજની મોઝાર,
હેલે પ્રીતેથી ઝાલેલા સઉએ હાથ છેરે,
તેતો આપેછે શી સુંદર સુગંધ

સાખી—કથા શીયળની સાંભળી પ્રીતમ ઉપર પ્રેમ
વધ્યો સખી વીસ્હી આ મળે ત્વરાથી કેમ.

૧૦૪ ચાંપરાજ.

મુજ ઉપર ગુજરિ પિતા પાદશાહિ જાણી,
હું હવે નથી હાડાની રાણી ટેક.
એહુ નથી દીઠું મુજ મુખ વાત છે સીધ,
હઠ કરિ એટલી વાર વાતમાં લીધ. મુજ૦
આવ્યાછે જ્યારથી હાડો આપની પાસે,
હું જપ તપ કરતી નાર રહી ઉદાસે.
હું હતી મેહ્રમાં પતિ ધ્યાનમાં નારિ,
એકદમ રાજાજી આવી ઊંધાડી બારિ. મુજ૦
મને કહ્યું તારે માટે મુજ શીર જાયે,
ધિક ધિક અબળાની જાત પણજ ખોવાયે મુજ
મેં નથી દીધો પગ ખુદી કોટાથી બાર,
હું થઇ નાયકી નાર આરોપ ખોટાથી. મુજ૦
કરી કસોટી મુજ ભગવાન તમારી દષ્ટે,
મુજ લજા રાખી નાથ પોહોંચાડી કષ્ટે મુજ૦
જો રાખી શરમ હું નાવત આપ ભુવનમાં,
મુજ પતિ તણી રહી જાત મનનિ મનમાં મુજ૦

૧૦૫ કૃષ્ણ ચરિત્ર

તુંહીં શ્યામ તુંહીં શ્યામ તુંહીંરે,
હું તો નિરખું તુજને ઠામ ઠાત્ર;
બસ તુંહીંરે શ્યામ તુંહીં શ્યામ તુંહીં,
...પ જોયું, બાહેર જોયું.
...ના સંસાર,
...માલા જોઈ વળી;

પણ નહીં આવ્યો પાર,
ઝળકે જ્યોતિ તારી રે...........હું તો.
આ તનનો રંગ મહેલ બનાવ્યો,
મહીં ભર્યો દરબાર;
અનહદ વાજાં વાગી રહ્યાં કાંઈ,
જીવ રમે એકતાર;
ચમકિ જ્યોતિ તારીરે......... હું તો.

૧૦૬ રામ રતન

આલા ગૌરીચારસણ અરે વાહ વાહ
દારૂ પીઉ યામણ અરે વાહુ વાર
ઘે બાટલી માતા, માર બુંબા આતા
ધરી જાતાં જાતાં પીંઉ વાહ વાહ
ધાલ દરીઆ મધે ધાલ હોરી
ઘે હાથા મધી હાથ પોરી
સત ભામે વરી, પ્રીત કરી હરી,
તસી માઝાવરી, કરી વાહ વાહ આલા.

૧૦૭ કૃષ્ણ ચરિત્ર

અલીઓ! અલબેલો કેમ નાવે?
બેભાન કરી સાન કાં ભુલાવે?-અલબેલો.
સેજ સમારી હું વાટ જોઇ રહી
પ્રીતમજી પણ ટવળાવે,
હવે હુંથી નહી રહેવાય
મન આકુળ વ્યાકુળ થાય, મતિ ભમી જતી;
છળ કરીને, છેતરીને એ,
કાં અલી અકળાવે?-અલબેલો.

૧૦૮ કૃષ્ણ ચરિત્ર

દાણ માગેરે દાણ માગે,
કાનો કાંકરી મારે તો મને વાગે રે-દાણ,
કાનો કીયા મલકનો દાણી,
મારી નંવરંગ ચુંદડી તાણી રે
કાનો કીયા મલકનો સુબો,
મારી વાટડી રોકીને ઊભો

૧૦૭ અંબીકા વિજય.

મુગટ માજી તણુ સીર સોભી રહયો,
સોભી રહયો મન લોભી રહયો. મુગટ.

સાખી.

આરાસુર રળીઆમણું, સોભા અપરંમપાર;
સોભા તેની શી કહું, કેતા ના આવે પાર,
અંબામાજી રમે ચાચર ચોકમાં,
જેવો સુરજ ભાણુ સોભી રહ્યો. મુગટ.
બાહ્ય બાજુબંધ બેરખા, ઝાંજર છે પગ માંહ્ય;
સૈયરો સરવે મળી, લળી લળી ગરબો ગાય.
માજીનું ધ્યાન ધરો, સેવક જન તમે;
અરજ હમારી માંડી, ઉરમા ધરો. મુગટ.

૧૦૮ કૃષ્ણ ચરિત્ર.

નમો ગોપાળ નંદ નંદન ગોવીંદ નમો,
શ્રી ગોકુલચંદ નમો
પુરણાનંદને, બાલ મુકુંદને,
દેવ સકલ વંદ્ય નમો-નમો,
કાલિય ગંજન હરિ નમો
વંદુ આત્મારામ,
પુરણ પુરૂષોત્તમ નમો
સદાય પુરણ કામ,
ગોવર્ધન હાથે ધર્યો,
ગોકુલ ઉદ્ધાર કર્યો,
ઈંદ્ર તણો ગર્વ હર્યો,
એ આનંદ કંદ નમો--નમો

૫ જુયું, સમાપ્ત.
નં: સંસ૮
મુ